# ૨. મહાવીર-જીવનનો મહિમા

**"देवागमनभोयानचामरादिविभूतयः ।**
**मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसि नो महान् ॥"**

समंतभद्र स्वामी

મિત્રો તરફથી અનેક વાર સૂચવવામાં આવે છે કે શ્રી 'મહાવીરજીવન' વા એ વિશે કાંઈ લખાય તો સારું. સૂચના કરનારો તો આ કામ સરળ છે એમ સમજીને સૂચવે છે, પણ જેમ જેમ જૈન આગમસાહિત્ય, બૌદ્ધ ત્રિપટિકો, ઉપનિષદાદિ આર્ય સાહિત્યને વિશેષ વિશેષ જોતો જાઉં છું તેમ તેમ એ કામ કઠણ લાગતું જાય છે. જે મહાપુરુષનું જીવન લખવાને લેખિની ચલાવવી છે તેમને વિશે ન્યૂનાધિક લખાવા દ્વારા જરાય અન્યાય ન થાય અને વાચકવર્ગને પ્રેરક તથા હિતકર સત્ય દર્શાવી શકાય તો જ કોઈના પણ જીવન વિષે લખનારનો શ્રમ સફળ થયો ગણાય. વર્તમાનમાં તો સમસમયી પુરુષોના જીવનવૃત્તાંતમાં પણ એ ઉદ્દેશ ઘણો ઓછો સચવાતો જણાય છે. એ ઉદ્દેશને સિદ્ધ કરવા માટે સ્થિરતા, તટસ્થતા, જીવનવિષયક અંતરંગ અને બહિરંગસામગ્રી, વિશાળદૃષ્ટિ વગેરે સાધનોને મેળવ્યા સિવાય લખાતાં જીવનચરિત્રો ઘણે ભાગે પોતાના નાયકને અને વાચકવર્ગને અન્યાયકારી થઈ પડે છે. ભગવાન મહાવીર તો આપણાથી સર્વપ્રકારે પરોક્ષ છે; એટલે એમનું જીવન લખવા માટે તો ઉપર્યુક્ત સામગ્રી મેળવ્યા સિવાય એ વિશે કાંઈ પણ લખવું તેને હું ઐતિહાસિક અને સામાજિક જોખમ સમજું છું. અહીં જે વાત થાય છે તે પૌરાણિક (પુરાણની માફક લખાયેલા) અને દંતકથામય (પરંપરાથી ચાલી આવતા) જીવનને લગતી નથી, પણ આ વૈજ્ઞાનિક સમયમાં લોકો જે જાતના જીવનચરિત્રની અપેક્ષા રાખે છે તેની વાત છે. એમ તો પ્રાકૃત અને સંસ્કૃતમાં તેમ જ જૂની કે નવી ભાષામાં લખાયેલાં કેટલાંય મહાવીરચરિત્રો પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે અને એથી પણ વધારે હજુ ભંડારોમાં અપ્રગટપણે પડેલાં છે. મહાવીર-જીવન લખવાનું કામ અશક્ય કે કઠણ છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ તો નથી જ; પણ મારા જેવા કાર્યાંતરવ્યગ્ર (એક કાર્ય સાથે બીજું કાર્ય કરવાને કંટાળનાર)ને માટે તો તે કઠણ જ લેખાય. તે પણ એટલા માટે કે એ કામ ઘણા સમયની અપેક્ષા રાખે છે; એ એક જ કારણને લીધે તે કામને હું કઠણ ગણું છું. એ સિવાયની જીવન વિશેની બીજી કેટલીક સામગ્રી મારે માટે દુષ્પ્રાપ્ય જેવી તો નથી જ. એ વિશે હું તો લખું ત્યારે લખું, પણ એ જીવનચરિત્ર લખવા માટે મારા મનમાં જે જે રેખાઓ અંકાઈ છે તે અહીં દર્શાવી દઉં કે જેથી શ્રી મહાવીરજીવનના બીજા લેખકોને મારી એ રેખાઓ કદાચ ઉપયોગી થાય.

## અંતરંગ સામગ્રી

૧. ભગવાન મહાવીર પ્રત્યે અકૃત્રિમ (સ્વાભાવિક) ભક્તિ હોવી જોઈએ.

૨. શ્રદ્ધા, પ્રજ્ઞા (બુદ્ધિ), સમતા (સમભાવ), સ્મૃતિ એ બધું લેખકની વૃત્તિમાં સમતોલપણે હોવું જોઈએ. શરીરમાં વાત, પિત્ત, કફ સમાન હોય ત્યાં સુધી શરીરની સ્વસ્થતા સચવાઈ રહે છે અને જ્યારે એ ત્રણેમાં એક પણ વધે કે ઘટે ત્યારે શરીર રોગી બને છે. તે જ પ્રકારે ઉપર્યુક્ત શ્રદ્ધા વગેરે માનસિક ગુણો સમતોલપણે હોય તો જ લેખકથી કોઈ પણ વિચારને બરાબર ન્યાય આપી શકાય અને એ ગુણોમાંનો એકાદ પણ પ્રમાણમાં વધ્યો કે ઘટ્યો હોય તો ભલભલા લેખકો પણ કોઈ વિચારને ન્યાય આપવાને બદલે પોતાને જ ન્યાય આપતા જણાય છે.

૩. લેખકમાં ત્યાગધર્મ પ્રત્યે વિશ્વાસ અને તેનામાં એનું વધારે નહિ તો ઓછામાં ઓછું વરસ યા છ માસ સુધીનું પરિશીલન અને એ પણ અવંચકપણે (આત્માને છેતર્યા વિના)

## બહિરંગ યા અભ્યાસની સામગ્રી

૪. જૈન ધર્મનો સાંપ્રદાયિક અને ઐતિહાસિક એ બન્ને દૃષ્ટિએ અભ્યાસ

૫. અહિંસાદૃષ્ટિનો અભ્યાસ

૬. અનેકાંતવાદના મર્મનો સ્પષ્ટ પરિચય

૭. જૈન ધર્મની જૂની કે નવી, નાની કે મોટી, વર્તમાન વા વિચ્છિન્ન દરેક શાખાનો પૂરો પરિચય

૮. મૂળ આગમ, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, અવચૂર્ણિ, ટીકા અને ટબ્બા સુધીના ગ્રંથોનો અભ્યાસપૂર્વક પરિચય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯. છેદસૂત્રો ઉપરથી નીકળતા સમાજ-બંધારણનો અભ્યાસ
૧૦. કર્મશાસ્ત્ર અને માનસશાસ્ત્રનો તુલનાત્મક પરિચય
૧૧. જૈન ધર્મના ખાસ ખાસ આચાર્યોના જીવનનો પરિચય
૧૨. જૈન ધર્મ(ધર્મ એટલે સંપ્રદાય)માં ક્રાંતિ કરનારા આચાર્યોના જીવનનો પરિચય
૧૩. જૈન ધર્મની બન્ને શાખાનાં ખગોળ અને ભૂગોળનો પૃથક્કરણ-પૂર્વક અભ્યાસ

જૈનેતર (વૈદિક હિન્દુ) તથા મુસલમાન અને ખ્રિસ્તી આદિ ધર્મોની દૃષ્ટિએ ભૂગોળ અને ખગોળનો પરિચય

પૌરાણિક દૃષ્ટિએ ભૂગોળ અને ખગોળનો અભ્યાસ

વર્તમાન સમયની નવી અને જૂની દૃષ્ટિએ પણ ભૂગોળ અને ખગોળનું અવલોકન

૧૪. મગધદેશનો પર્યટનપૂર્વક પરિચય
૧૫. શ્રી મહાવીરે પોતાના વિહારથી પવિત્ર કરેલાં પ્રત્યેક સ્થળનો સૂક્ષ્મેક્ષણપૂર્વક પરિચય
૧૬. જૈન ધર્મની બન્ને શાખાના અને ઇતરધર્મની સર્વ શાખાના સ્વર્ગ અને નરક સંબંધી પ્રત્યેક ઉલ્લેખોનો ઊંડો અભ્યાસ
૧૭. વર્તમાન સમયની નવી અને જૂની રીતે સ્વર્ગ અને નરકનો અભ્યાસ
૧૮. સ્વર્ગ અને નરકની ભૂગોળ બતાવનારાં બંગાળી, હિંદી અને મરાઠી પુસ્તકોનો અભ્યાસ
૧૯. ઇંદ્રાદિક શબ્દોની સમજૂતી માટે પ્રાચીન વ્યુત્પત્તિશાસ્ત્ર-નિરુક્તાદિનો ઊંડો અભ્યાસ
૨૦. સર્વ દર્શનના મૂળ મૂળ પ્રાચીન ગ્રંથોનો (ઉપયોગ પૂરતો) અભ્યાસ
૨૧. બૌદ્ધોના પાલીગ્રંથોનો (ત્રિપિટકોનો) અને મહાયાન સંપ્રદાયના સંસ્કૃત ગ્રંથોનો પરિચય

બૌદ્ધગ્રંથોમાં અનેક સ્થળે ભગવાન મહાવીર (નાતપુત્ત) અને તેના શિષ્યો વિશે કહેવામાં આવ્યું છે. મહાવીર-જીવનનો કોઈ પણ લેખક એ હકીકતોને સમજ્યા સિવાય ભગવાનના જીવનને બરોબર ન જ ઓળખી શકે. નમૂના તરીકે શ્રી બુદ્ધના જન્માદિ પ્રસંગને અંગે બૌદ્ધગ્રંથ લલિતવિસ્તરામાં જે હકીકત વર્ણવવામાં આવી છે તે હકીકત સાથે શ્રી મહાવીરના જન્માદિપ્રસંગનું વર્ણન ઘણે અંશે શબ્દશઃ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થશઃ મળતું આવતું જણાય છે, જેનો મૂળપાઠ[1] અનુવાદ સાથે અહીં જ સરખામણી અર્થે આપી દઉં છું.

૨૨. વેદ અને વેદાંગોનો પરિચય

૨૩. ઉપનિષદોનું ચિંતન

૨૪. મહાભારત, પુરાણો અને સ્મૃતિઓનું અવલોકન

૨૫. ગૃહ્યસૂત્ર, કલ્પસૂત્ર અને શ્રૌતસૂત્રોનો અભ્યાસ

૨૬. બ્રાહ્મણ અને આરણ્યકોનું અન્વીક્ષણ

૨૭. કુરાનનો પરિચય

૨૮. ઝંદ અવેસ્તાનો ભાષા અને ભાવ એ બન્ને દૃષ્ટિએ અભ્યાસ

૨૯. બાઇબલનો અભ્યાસ

૩૦. ખાસ ભગવાન મહાવીર વિશે મૂળ આગમોમાં, નિર્યુક્તિઓમાં, ભાષ્યોમાં, ચૂર્ણિઓમાં, અવચૂરિઓમાં અને ટીકાઓમાં જે જે કાંઈ લખાયું હોય તેનું કાળક્રમવાર સંકલન

૩૧. ભગવાન મહાવીર વિશે કથાવિષયક જૈન ગ્રંથોમાં જે કાંઈ આવ્યું હોય તેનો પરિચય

૩૨. શ્વેતાંબર અને દિગંબર બન્ને શાખામાં સંસ્કૃત, પ્રાકૃત અને લોકભાષામાં ભગવાન મહાવીરનાં જે જે ચરિત્ર લખાયાં છે, તે બધાંનું કાળક્રમવાર સંકલન અને તેમાં લખાણને અંગે થયેલો વધારા-ઘટાડાનો પરિચય

(કથાગ્રંથોમાં ઘણી વાર એક જ કથા ભિન્ન ભિન્ન ઢબે કહેલી હોય છે અને તેનું સૂક્ષ્મેક્ષણ કરતાં એમ પણ જણાય છે કે, એક કથા ઉપર વર્ણનના ઘણા પટો ચડેલા હોય છે અને તેમાં માત્ર કવિત્વ સિવાય બીજું કારણ સંભવતું નથી. ભગવાન મહાવીરની કથા વિશે પણ ઘણા પ્રસંગોમાં એમ બન્યું લાગે છે.

૩૩. કર્ણાટકી ભાષામાં લખાયેલા જૈન સાહિત્યનો પરિચય—તેમાં પણ શ્રી મહાવીર વિશે જે જે વાત લખાયેલી હોય તેનો તો ખાસ પરિચય

૩૪. વિદેશી લેખકોએ ભગવાન મહાવીર વિશે જે કાંઈ લખ્યું હોય તેનો સારો અભ્યાસ

૩૫. પ્રાચીન રાજકારણનો પરિચય તથા પ્રાચીન સમાજ-સ્થિતિનો પણ

---

૧. બન્નેના અનુવાદો આ ચર્ચાને છેડે વારાફરતી અને મૂળપાઠો જુદા પરિશિષ્ટમાં આપ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિચય

૩૬. ભાષાશાસ્ત્રનો પણ થોડો પરિચય

૩૭. સર્વધર્મના મૂળ પુરુષોના જીવનનો સૂક્ષ્મ અભ્યાસ

આટલી અભ્યાસ-સામગ્રી પ્રાપ્ત કર્યા પછી પૂર્વોક્ત અંતરંગ સામગ્રીયુક્ત કોઈ એક વ્યક્તિ કે મંડળ શ્રી મહાવીરના ચરિત્ર વિશે લખવાની પ્રવૃત્તિ કરશે તો તેમાં ઘણી સફળતા મળશે એમ ખાતરીપૂર્વક કહી શકાય. આ રીતે લખનાર શ્રી મહાવીરને, શ્રી બુદ્ધને, શ્રી કૃષ્ણને કે બીજા કોઈ મહાપુરુષને ઓછુંવત્તું લખીને અન્યાય તો નહિ જ કરે. એકલે હાથે આવું કામ થવું અશક્ય નહિ તો દુઃશક તો જરૂર છે; એથી વિશ્વકોષની યોજના પ્રમાણે મહાવીરચરિત્ર-રચનાની યોજના હાથ ધરવામાં આવે અને તે તે વિષયના અભ્યાસકોને ઉચિત કામ સોંપવામાં આવે તો એક આદર્શ મહાવીરચરિત્ર લખી શકાય અને એ મુખ્ય કામ કરતાં જૈન ધર્મને લગતા અનેક જાતનાં ગૂઢ પ્રશ્નો અને રહસ્યોનો નિકાલ પણ થઈ જાય તેમ જ જૈન ધર્મનો ઇતિહાસ ઘણો સ્પષ્ટ થઈ જાય.

ખરી રીતે તો 'મહાવીરચરિત્ર-સાધન-સંગ્રહાવલિ' નામ રાખીને એક લેખમાળા જ કાઢવી જોઈએ અને તેમાં પૂર્વોક્ત સામગ્રીસંપન્ન મંડળ મહાવીર-ચરિત્ર લખવાની દૃષ્ટિએ તે તે જાતના નિબંધો લખે. એ બધા નિબંધોનું મંથન કરતાં જે નવનીત નીકળે તે મહાવીરજીવનની સંકલનામાં અસાધારણ ઉપયોગી થાય.

વિશ્વહિતૈષી ભગવાન મહાવીરનું જીવન લખવાને સમગ્ર વિશ્વનું ઉપયોગી સાહિત્ય વિશ્વવ્યાપક દૃષ્ટિએ જ જોવું જોઈએ; અન્યથા એ લોકનાથની આશાતના થવાનો સંભવ છે. ભગવાન મહાવીરના ત્યાગધર્મને આચરનારો અને સર્વભૂતહિતે રત મુનિગણ આ બાબત વિશે વિચાર કરે તો એ વિશે ઘણું થવાનો સંભવ છે. ભગવાન મહાવીરનું મંદિર અને તેમનું આ પ્રકારનું જીવનલેખન એ બે પ્રવૃત્તિમાં કઈ અધિક મૂલ્યવાન છે તે તો કેવળી જ કહી શકે. તેમ છતાં કોઈ પણ અંશે આ કામની કિંમત ઓછી નથી જ. આ તો સ્વ અને પરના હિતનું કામ છે માટે મુનિગણને વિનંતી કરું છું કે જરૂર તેઓ આ કામ માટે કટિબદ્ધ થઈને પ્રસ્થાન કરે.

મારી અલ્પમતિ પ્રમાણે ભગવાન મહાવીરના જીવન વિશે જે જે વિચારો મેં કરી રાખેલા તે આજે પ્રગટ કરું છું. હજુ પણ બીજા ઘણા વિચારો રહી જાય છે, જેની પૂર્તિ કરવાનું અન્ય વિદ્વાનોને પ્રાર્થી વિરમું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**"यदेव किञ्चिद्विषमप्रकल्पितं पुरातनैरुक्तमिति प्रशस्यते ।**
**विनिश्चिताप्यद्यमनुष्यवाक्कृतिर्न पठ्यते स्मृतिमोह एव सः ॥"**

श्री સિદ્ધસેન દિવાકર.

**કલ્પસૂત્ર :**

૧. "એ વાત બની નથી, એ વાત બને નહિ અને એ વાત બનશે પણ નહિ કે અરિહંતો, ચક્રવર્તીઓ, બલદેવો કે વાસુદેવો અંતકુલોમાં, પ્રાંતકુલોમાં, તુચ્છકુલોમાં, દરિદ્રકુલોમાં, કૃપણકુલોમાં, ભિક્ષુકકુલોમાં અને બ્રાહ્મણકુલોમાં જન્મ્યા હતા, જન્મે છે કે જન્મશે."

"અરિહંતો, ચક્રવર્તીઓ, બલદેવો કે વાસુદેવો ઉગ્રકુલોમાં, ભોગકુલોમાં, રાજન્યકુલોમાં, ક્ષત્રિયકુલોમાં, હરિવંશકુલોમાં કે એવા જ બીજા કોઈ વિશુદ્ધ જાતિ-કુલ-વંશમાં જન્મ્યા હતા, જન્મે છે અને જન્મશે."

૨. "તે કાલે તે સમયે કે જ્યારે શુભગ્રહોનો યોગ થયો હતો, દિશાઓ સૌમ્ય અને નિર્મળ હતી, બધાં શકુનો અનુકૂળ હતાં, અનુકૂળ પવન વાતો હતો, પૃથિવી ફળદ્રુપ થયેલી હતી અને બધા દેશો પ્રસન્ન ને આનંદિત હતા તે સમયે ત્રિશલા ક્ષત્રિયાણીએ ભગવાન મહાવીરને જન્મ આપ્યો હતો."

**ટીકા :**

"જે વખતે ભગવાન મહાવીર જન્મ્યા ત્યારે દિશાઓ પ્રસન્ન અને મુદિત હતી. મીઠો પવન મંદમંદ વાતો હતો. ત્રિલોકમાં સઘળે ઝળહળાટ થઈ રહ્યો હતો, ગગનમાં દુંદુભિ ગાજતો હતો, જે નારકોને એક ક્ષણ પણ સુખ ન હોય તેઓને પણ સુખનો શ્વાસ લેવાનો પ્રસંગ આવ્યો હતો અને પૃથિવી પણ ફળફૂલોથી ખીલેલી હતી."

૩. "જ્યારે ભગવાન્ મહાવીર જન્મ્યા, ત્યારે અધોલોકમાં રહેનારી આઠ દિક્કુમારીઓનાં આસનો કંપ્યાં, અવધિજ્ઞાન દ્વારા તે દિક્કુમારીઓએ જિનજન્મનો પ્રસંગ જાણી ત્રિશલારાણીના સૂતિકાઘર તરફ પ્રયાણ કર્યું. તે આઠનાં નામ આ પ્રમાણે છે : ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, સુવત્સા, વત્સમિત્રા, પુષ્પમાલા અને આનંદિતા, મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, તોયધારા, વિચિત્રા, વારિષેણા અને બલાહકા એ આઠ આઠ દિક્કુમારીઓ ઊર્ધ્વલોકથી આવી અને તેઓએ સૂતિકાગૃહની આસપાસ યોજન (ચાર ગાઉ) જેટલી જમીન સંવર્ત વાયુ દ્વારા શુદ્ધ કરી અને તેટલામાં જ સુગંધી પાણી અને ફૂલની વૃષ્ટિ કરી. એ દરેક દિક્કુમારી સાથે ચાર ચાર હજાર સામાનિકો હોય છે, ચાર ચાર મહત્તરાઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે, સોળ સોળ હજાર અંગરક્ષકો હોય છે, સાતસો સાતસો સૈનિકો હોય છે અને બીજા પણ અનેક મહર્ધિક દેવો હોય છે. હવે નંદા, ઉત્તરા-નંદા, આનંદા, નંદિવર્ધના, વિજયા, વૈજયંતી, જયંતી અને અપરાજિતા એ આઠે પૂર્વરુચકથી આવીને ત્રિશલાના સૂતિકાગૃહમાં દર્પણ ધરીને ઊભી રહે છે." ઇત્યાદિ બધી દિક્કુમારિકાઓનો વર્ણક સમજી લેવો.

૪."આકાશમાં ધર્મચક્ર, ચામરો, પાદપીઠ સાથેનું ઉજ્જ્વલ સિંહાસન, ત્રણ છત્રો, રત્નમય ધ્વજ અને ભગવાનના ચરણન્યાસ માટે સોનાનાં કમલો આ બધું ભગવાન વિહાર કરે છે ત્યારે થાય છે."

**લલિતવિસ્તરા :**

૧."હે ભિક્ષુઓ ! બોધિસત્ત્વ કુલવિલોકન કરે છે તેનું શું કારણ ?"

''બોધિસત્ત્વો હીનકુલોમાં જન્મતા નથી. જેવા કે ચંડાલકુલોમાં, વેણુકારકુલોમાં, રથકારકુલોમાં, પુક્કસકુલોમાં અર્થાત્ એવા નીચ કુલોમાં જન્મતા નથી.

''તેઓ બે જ જાતના કુલોમાં જન્મ લે છે : બ્રાહ્મણકુલમાં કે ક્ષત્રિયકુલમાં. જ્યારે પ્રજા બ્રાહ્મણગુરુક હોય છે ત્યારે બ્રાહ્મણકુલમાં અને પ્રજા જ્યારે ક્ષત્રિયગુરુક હોય છે ત્યારે ક્ષત્રિયકુલમાં જન્મ લે છે." પૃ. ૨૧

૨."ચરમભવિક બોધિસત્ત્વ જ્યારે જન્મ લે છે, જ્યારે અનુત્તર સમ્યક્ સંબોધિને પ્રાપ્ત કરે છે, ત્યારે જે જાતના ઋદ્ધિ-પ્રાતિહાર્યો થાય છે તે આ પ્રમાણે છે :

''હે ભિક્ષુઓ ! તે સમયે બધાં પ્રાણીઓ રોમાંચિત થાય છે, મોટા પૃથિવીચાલનો પ્રાદુર્ભાવ થાય છે, એટલે કે પૃથિવી કંપે છે, (સરખાવો મેરુકંપ.) કોઈએ વગર વગાડ્યે જ સાત જાતનાં દિવ્ય વાજાંઓ વાગે છે, સર્વ ઋતુ અને સમયનાં વૃક્ષો ફૂલે છે અને ફળે છે, વિશુદ્ધ આકાશથી મેઘનાદ સંભળાય છે, નિર્મળ આકાશથી ઝરમર ઝરમર મેહ વરસે છે; અનેક પ્રકારનાં દિવ્ય પુષ્પ, વસ્ત્ર, આભરણ, ગંધ અને ચૂર્ણથી સંમિશ્રિત થયેલા મીઠા, શીતળ અને સુગંધી વાયરા વાય છે; દિશાઓ અંધકાર, રજ, ધૂમ અને ધૂંવાડ વિનાની અને સુપ્રસન્ન રહે છે; ઉપર આકાશથી અદૃશ્ય, ગંભીર બ્રહ્મઘોષો સંભળાય છે; બધા ચંદ્રો, સૂર્યો, ઇંદ્રો, બ્રહ્માઓ અને લોકપાલોનાં તેજ અભિભૂત થઈ જાય છે; બધી અકુશળ ક્રિયાઓ અટકી જાય છે; રોગીઓના રોગો શમી જાય છે, ભૂખ્યાઓની ભુખ ભાંગે છે, તેમ જ તરસ્યાઓની તરસ છીપે છે; દારૂડિયાનું ઘેન ઊતરી જાય છે; ગાંડાઓ સાજા થાય છે;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આંધળાઓને આંખ મળે છે; બહેરાઓને કાન મળે છે; લૂલાં લંગડાઓની ખોડ મટી જાય છે; નિર્ધનિયા ધન પામે છે; કેદીઓ અને પુરાયેલાં છૂટાં થાય છે; આવીચિ વગેરે બધા નરકોમાં પ્રાણીઓનાં દુઃખ ટળી જાય છે. તિર્યંચયોનિક પ્રાણીઓનો પારસ્પરિક ભય શમી જાય છે અને યમલોકના જીવોનાં ભૂખ વગેરે દુઃખ મટે છે." પૃ. ૯૮

"જ્યારે તત્ત્વદર્શકનો જન્મ થવાનો હોય છે ત્યારે અગ્નિ શાંત થાય છે, નદીઓ સુવ્યવસ્થિતપણે વહે છે અને પૃથિવી કંપે છે." પૃ. ૧૧૨

૩. "હે ભિક્ષુઓ ! જ્યારે બોધિસત્વ જન્મે છે, ત્યારે તેની માતાની કૂખનું પડખું અક્ષત અને અનુપહત હોય છે—જેવું જન્મ્યા પહેલાં હોય છે તેવું જ જન્મ્યા પછી હોય છે. પાણીના ત્રણ કૂવાઓ બની જાય છે, સુગંધી તેલની તળાવડીઓ બની જાય છે, પાંચ હજાર અપ્સરાઓ સુગંધી તેલ લઈને બોધિસત્ત્વની માતા પાસે આવે છે અને સૂતિકાને લગતો કુશળ પ્રશ્ન પૂછે છે. પાંચ હજાર અપ્સરાઓ દિવ્ય લેપ લઈને આવે છે, પાંચ હજાર અપ્સરાઓ દિવ્ય બાળોતિયાં લઈને આવે છે, પાંચ હજાર અપ્સરાઓ દિવ્ય વાજાં લઈને આવે છે અને આ જંબૂદ્વીપમાં જે બાહ્ય એવા પંચાભિજ્ઞ ઋષિઓ છે, તેઓ બધા આકાશમાર્ગ દ્વારા શુદ્ધોદન (શ્રી બુદ્ધના પિતા) પાસે આવીને વધામણું આપે છે." પૃ. ૧૧૦

હવે તે વખતે સાઠ હજાર અપ્સરાઓ કામાવચરદેવલોકથી આવીને માયાદેવીની સેવા કરવા લાગે છે.' પૃ. ૯૫

૪. "જ્યારે બુદ્ધ ભગવાન ચાલે છે ત્યારે આકાશમાં કોઈએ નહીં ધરેલું એવું દિવ્ય, ધોળું અને વિશાલ છત્ર, બે સુંદર ચામર એની પછવાડે પછવાડે એ જ્યાં જાય છે ત્યાં જાય છે. બોધિસત્ત્વ પગ ઊંચો કરે છે—ચાલવાને પગ ઉપાડે છે ત્યાં કમલોનો પ્રાદુર્ભાવ થાય છે."

**શ્રી હેમચંદ્રાચાર્યકૃત અભિધાનચિંતામણિ**

ભગવાન મહાવીરના જન્માભિષેકના વર્ણનનો પ્રસંગ મૂળ આચારાંગમાંથી લઈને ઘણા ચરિત્રગ્રંથોમાં વર્ણવાયેલો છે, તે જોતાં તે પ્રસંગ તે તે ચરિત્રોમાં અનેક ભિન્ન ભિન્ન રીતે ઉપલબ્ધ થાય છે. આચારાંગના 'ભાવના'-નામક ચોવીસમા અધ્યયનમાં એટલે તૃતીય ચૂલામાં[૧] ભગવાન

---

૧. આ ચૂલાઓને શ્રી સ્થૂલભદ્રસ્વામીનાં બહેન સીમંધરસ્વામી પાસેથી લાવ્યાં હતાં અને તે વખતે સંઘે એને આચારાંગ સાથે જોડી દીધી.

પરિશિષ્ટ પર્વ, સર્ગ ૯ પૃ. ૯. શ્લો. ૯૬-૧૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરના જન્મપ્રસંગથી માંડીને તીર્થસ્થાપન સુધીનો વૃત્તાંત આવે છે. તેમાં જન્માભિષેકનો પણ વર્ણક છે. ત્યાર પછી કલ્પસૂત્ર મૂળ અને આવશ્યકનિર્યુક્તિના ભાષ્યમાં એ જ જન્માભિષેકનો વર્ણક છે, નિર્યુક્તિના ભાષ્યનો વર્ણક માત્ર 'મંદરગિરિ'ના ઉલ્લેખને લઈને પૂર્વોક્ત વર્ણકથી જુદો જણાય છે. આ પછીના ગ્રંથોમાં જન્માભિષેકને પ્રસંગે ઇંદ્રની શંકા, એના સમાધાન માટે મેરુનો પ્રકંપ વગેરે રસપૂર્ણ વર્ણકો (બારમા સૈકામાં) શ્રી નેમિચંદ્રસૂરિના પ્રાકૃત 'મહાવીરચરિય'માં અને શ્રી હેમચંદ્રસૂરિના મહાવીર-ચરિત્રમાં વા યોગશાસ્ત્રના આરંભમાં આવે છે. જ્યારે આ વિશે આચારાંગ મૂળમાં કે આવશ્યકનિર્યુક્તિના ભાષ્યમાં કશો ઉલ્લેખ મળતો નથી. તદુપરાંત આચારાંગના મૂળની ટીકા કરનાર શ્રી શીલાંકસૂરિ અને આવશ્યક નિર્યુક્તિની વૃત્તિ કરનાર શ્રીમાન્ હરિભદ્રસૂરિ પણ એ વિશે કાંઈ ઇશારો સરખો પણ કરતા નથી; જોકે તેઓશ્રી બીજું તો ઘણું સરસ વર્ણન આપે છે.

બૌદ્ધ 'લલિતવિસ્તરા' ગ્રંથમાં પણ, બુદ્ધના જન્મ પ્રસંગે 'પૃથ્વી કંપી હતી' એ ઉલ્લેખ આગળ જણાવેલો છે. એક પ્રસંગને જ લગતાં આવાં અનેક જુદાં જુદાં વર્ણનો મહાવીર-ચરિત્રમાં પણ મળવાં અસંભવિત નથી. માટે ઐતિહાસિક દૃષ્ટિએ મહાવીર-ચરિત્ર લખનારે આ બધા ભિન્ન ભિન્ન ઉલ્લેખોનો પરિચય જરૂર ધરાવવો જ જોઈએ અને એ ઉપરથી નીકળતું ઐતિહાસિક રહસ્ય, કવિની દૃષ્ટિ અને શ્રદ્ધાપ્રધાન ભક્તનું હૃદય એ બધું વાચક વર્ગ સમક્ષ જરૂર સ્પષ્ટ કરવું જોઈએ. વાચકોની સમજૂતી માટે મૂળ આચારાંગના એ ચોવીસમા અધ્યયનનો, કલ્પસૂત્રમૂળનો અને નિર્યુક્તિના ભાષ્યનો પાઠ અર્થ સાથે અહીં આપી દઉં છું :

"तेणं कालेणं तेणं समएणं तिसला खत्तियाणी अह अन्नया कयाइ णवण्हं मासाणं बहुपडिपुण्णाणं अद्धट्ठमाणं राइंदियाणं वीतिक्कंताणं जे से गिम्हाणं पढमे मासे दोच्चे पक्खे चित्तसुद्धे तस्स णं चित्तसुद्धस्स तेरसीपक्खेणं हत्थुत्तराहिं जोगोवगतेणं समणं भगवं महावीरं आरोयारोयं पसूया ।

"जं णं राइं तिसला खत्तियाणी समणं भगवं महावीरं आरोयारोयं पसूया तं णं राइं भवणवइ-वाणमंतर-जोइसिय-विमाणवासिदेवेहि य देवीहि य उवयंतेहि उप्पयंतेहि य एगे महं दिव्वे देवुज्जोए देवसण्णिवाते देवकहक्कहे उप्पिजंलगभूते यावि होत्था ।"

"તે કાળે, તે સમયે ત્રિશલા ક્ષત્રિયાણીએ નવ માસ પૂરા થયા બાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાડા આઠ દિન વીતે છતે ઉનાળાના પહેલા માસ, બીજે પક્ષે, ચૈત્ર સુદિ ૧૩ના દિને, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રે શ્રમણ ભગવાન મહાવીરને ક્ષેમકુશળે જન્મ આપ્યો."

"જે રાતે ત્રિશલા ક્ષત્રિયાણીએ ભગવાનને જન્મ આપ્યો, તે રાતે ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક તથા વિમાનવાસી દેવદેવીઓના ઊતરવા તથા ઊપડવાથી એક મહાન્ દિવ્ય ઉદ્યોત, દેવોનો મેળાવડો, દેવોની કથંકથા (વાતચીત) તથા પ્રકાશ થઈ રહ્યો હતો."

"जं णं रयणिं तिसला खत्तियाणी समणं भगवं महावीरं आरोयारोयं पसूया तं णं रयणिं बहवे देवा य देवीओ य एगं महं अमयवासं च गंधवासं च चुण्णवासं च पुप्फवासं च हिरण्णवासं च रयणवासं च वासिंसु ।

"जं णं रयणिं तिसला खत्तियाणी समणं भगवं महावीरं आरोयारोयं पसूया तं णं रयणिं भवणवइ-वाणमंतर-जोतिसिय-विमाणवासिणो देवा य देवीओ य समणस्स भगवओ महावीरस्स कोतुगभूतिकम्माइं तित्थयराभिसेयं च करिंसु"

આચારાંગ-ભાવનાધ્યયન-ચોવીસ, તૃતીયચૂલા

"વળી, તે રાતે ઘણા દેવદેવીઓએ એક મોટી અમૃતની વૃષ્ટિ, ગંધની વૃષ્ટિ, ચૂર્ણની વૃષ્ટિ, ફૂલની વૃષ્ટિ, સોનારૂપાની વૃષ્ટિ, તથા રત્નોની વૃષ્ટિ વરસાવી.

"અને એ જ રાતે ચારે જાતના દેવદેવીઓએ મળી ભગવાન મહાવીરનું કૌતુકકર્મ, ભૂતિકર્મ તથા તીર્થંકરાભિષેક કર્યો."

"तेणं कालेणं तेणं समएणं समणं भगवं महावीरं जे से गिम्हाणं पढमे मासे दुच्चे पक्खे चित्तसुद्धे तस्स णं चित्तसुद्धस्स तेरसीदिवसेणं नवण्हं मासाणं बहुपडिपुण्णाणं अद्धट्ठमाणं राइंदियाणं विइक्कंताणं उच्चट्ठाणगएसु गहेसु पढमे चंदजोए सोमासु दिसासु वितिमिरासु विसुद्धासु जइएसु सव्वसउणेसु पयाहिणाणुकूलंसि भूमिसप्पिंसि मारुयंसि पवायंसि निप्फन्नमेइणीयंसि कालंसि पमुइयपक्कीलिएसु जणवएसु पुव्वरत्तावरत्त-कालसमयंसि हत्थुत्तराहिं नक्खतेणं जोगमुवागएणं आरुग्गारुग्गं दारयं पयाया ।

"जं रयणिं च णं समणे भगवं महावीरे जाए, सा णं रयणी बहुहिं देवेहिं देवीहि य आवयंतेहिं उप्पयंतेहिं य उप्पिंजलमाणभूआ कहकहगभूआ आवि हुत्था ॥९६॥

"जं रयणिं णं समणे भगवं महावीरे जाए तं रयणिं च णं बहवे वेसमणकुंडधारी तिरियजंभगा देवा सिद्धत्थरायभवणंसि हिरण्णवासं च

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सुवण्णवासं च वयरवासं च वत्थवासं च आभरणवासं च पत्तवासं च पुप्फवासं च फलवासं च बीअवासं च मल्लवासं च गंधवासं च चुण्णवासं च वण्णवासं च वसुहारावासं च वासिंसु ॥९७॥

"तए णं से सिद्धत्थे खत्तिए भवणवइवाणमंतरजोइसवेमाणिएहिं देवेहिं तित्थयरजम्मणाभिसेयमहिमाए कयाए समाणीए पच्चूसकालसमयंसि नगरगुत्तिए सद्दावेइ सद्दावित्ता एवं वयासी" ॥९८॥

**કલ્પસૂત્ર.**

"તે કાળે, તે સમયે ગ્રીષ્મઋતુના પ્રથમ માસમાં બીજા પક્ષમાં, ચૈત્રના શુક્લ પક્ષમાં, ચૈત્રી સુદિ ૧૩ના દિવસે નવ માસ પરિપૂર્ણ થયે, તદુપરાંત સાડાસાત દિવસ વીત્યે પૂર્વરાત્રાપરરાત્રીના સમયે, હસ્તોત્તરા નક્ષત્રનો યોગ થયે, ત્રિશલા ક્ષત્રિયાણીએ ભગવાન મહાવીરને આરોગ્યપૂર્વક જન્મ આપ્યો. એમના જન્મપ્રસંગે બધા ગ્રહો ઉચ્ચ સ્થાનમાં હતા. પ્રથમ ચંદ્રયોગ હતો, દિશાઓ નિર્મળ, વિશુદ્ધ અને સૌમ્ય હતી, બધાં શકુનો અનુકૂળ હતાં ભૂમિસર્પિ પવન પ્રદક્ષિણનો વાતો હતો, બધી પૃથ્વી ખીલેલી હતી, દેશો હર્ષિત અને આનંદિત હતા.

"જે રાત્રે ભગવાન મહાવીર જન્મ્યા તે રાત્રે બહુ દેવ અને દેવીઓના ઊતરવા તથા ઊપડવાથી પ્રકાશ થઈ રહ્યો હતો અને દેવોની કથંકથા થઈ રહી હતી. (૯૬)

"જે રાત્રે ભગવાન મહાવીર જન્મ્યા તે રાત્રે ઘણા વૈશ્રમણ કુંડધારી તિર્યગ્જૃંભગ દેવોએ સિદ્ધાર્થ રાજાના ભુવનમાં હિરણ્યની, સુવર્ણની, વજ્રની, વસ્ત્રની, આભરણની, પત્રની, પુષ્પની, ફલની, બીજની, માલ્યની ગંધની, ચૂર્ણની, વર્ણની અને વસુધારાની વૃષ્ટિ કરી. (૯૭)

"ત્યાર પછી ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોએ તીર્થંકરના જન્માભિષેકનો મહિમા કર્યે છતે સવારના પહોરમાં સિદ્ધાર્થ ક્ષત્રિયે નગરના રક્ષકોને બોલાવીને આ પ્રમાણે કહ્યું : (૯૮)

**"एए चउदस सुमिणे पासइ सा तिसलया सुहपसुत्ता ।**
**जं रयणिं साहरिओ कुच्छिंसि महायसो वीरो ॥**
**तिहिं नाणेहिं समग्गो देवीतिसलाइ सो अ कुच्छिंसि ।**
**अह वसइ सन्निगब्भो छम्मासे अद्धमासं च ॥**
**अह सत्तमम्मि मासे गब्भत्थो चेव अभिग्गहं गिण्हइ ।**
**नाहं समणो होहं अम्मापिअरम्मि जीवन्ते ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दुण्ह वरमहिलाणं गब्भे वसिऊण गब्भसुकुमालो ।
नवमासे पडिपुन्ने सत्त य दिवसे समइरेगे ॥
अह चित्तसुद्धपक्खस्स तेरसीपुव्वरत्तकालम्मि ।
हत्थुत्तराहिं जाओ कुण्डग्गामे महावीरो ॥
आहरण-रयणवासं वुट्ठं तित्थंकरम्मि जायम्मि ।
सक्को अ देवराया उवागओ आगया निहिणो ॥
तुट्ठाउ देवीओ देवा आणंदिआ सपरिसागा ।
भयवम्मि वद्धमाणे तेलुक्कसुहावहे जाए ॥
भवणवइवाणमंतर जोईसवासी विमाणवासी अ ।
सव्वड्ढीइ सपरिसा चउव्विहा आगया देवा ॥
देवेहिं संपरिवुडो देविंदो गिण्हिऊण तित्थयरं ।
नेऊण मंदरगिरिं अभिसेअं तत्थ कासी अ" ॥

આ. નિ. ભા. પૃ. ૧૭૯-૧૮૦ ગા. ૫૭-૬૫

''જે રાતે મહાયશ વીર કૂખમાં સંહૃત થયા (તે રાતે) સુખપૂર્વક સૂતેલી તે ત્રિશલાએ ચૌદે સ્વપ્નોને જોયાં.

''ત્રણ જ્ઞાન સહિત તે (વીર) સાડાછ મહિના સુધી ત્રિશલાની કૂખમાં રહ્યા.

''હવે સાતમે મહિને ગર્ભસ્થ જ (તે વીરે) અભિગ્રહ ગ્રહ્યો કે, 'માતા પિતા જીવતાં સુધી હું શ્રમણ થઈશ નહિ.'

''બન્ને ઉત્તમ સ્ત્રીઓના ગર્ભમાં રહીને ગર્ભસુકુમાળ (મહાવીર) નવ માસ પૂરા થયા પછી અને તે ઉપર સાત દિવસ વીત્યા પછી ચૈત્ર શુદ તેરશે પૂર્વરાત્રીના સમયે હસ્તોત્તરા નક્ષત્રે કુંડગ્રામમાં જન્મ્યા.

''તીર્થંકરનો જન્મ થયો; આભરણ-રત્નોની વૃષ્ટિ થઈ, શક્ર દેવરાજ આવ્યા, અને નિધિઓ આવ્યા.

''ત્રૈલોક્યને સુખાવહ એવા વર્ધમાન ભગવાનનો જન્મ થયો. દેવી અને દેવો પરિવાર સાથે તુષ્ટ થયા, આનંદિત થયા.

''ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વિમાનવાસી એ ચારે પ્રકારના દેવો પરિવાર સાથે સર્વ ઋદ્ધિસહિત આવ્યા.

''દેવોથી વીંટળાયેલા દેવેંદ્રે તીર્થંકરને ગ્રહીને મંદરગિરિ તરફ જઈને ત્યાં અભિષેક કર્યો."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# परिशिष्ट

## कल्पसूत्र

१ "न खलु एयं भूअं न एयं भव्वं न एयं भविस्सं—जं णं अरिहंता वा चक्कवट्टी वा बलदेवा वा वासुदेवा वा अंतकुलेसु वा पंतकुलेसु वा तुच्छकुलेसु वा दरिद्दकुलेसु वा किवणकुलेसु वा भिक्खागकुलेसु वा माहणकुलेसु वा आयाइंसु वा आयाइंति वा आयाइस्संति वा। एवं खलु अरि० च० ब० वा० उग्गकुलेसु वा भोगकुलेसु वा राइण्णकुलेसु वा इक्खागकुलेसु खत्तियकुलेसु वा हरिवंसकुलेसु वा अन्नयरेसु वा तहप्पगारेसु विसुद्धजाइकुलवंसेसु आयाइंसु वा आयाइंति वा आयाइस्संति वा॥

२ "तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे × × × उच्चट्ठाणगएसु गहेसु पढमे चंदजोए सोमासु दिसासु वितिमिरासु विसुद्धासु जइएसु सव्वसउणेसु पयाहिणाणुकूलंसि भूमिसप्पिंसि मारुयंसि पवायंसि निप्फन्न-मेइणीयंसि कालंसि पमुइयपक्कीलिएसु जणवएसु × × दारयं पयाया॥

सुबो० पृ० १२६

"अचेतना अपि दिशः प्रसेदुर्मुदिता इव वायवोऽपि सुखस्पर्शा मन्दं मन्दं ववुस्तदा॥

"उद्द्योतस्त्रिजगत्यासीद् दध्वान दिवि दुन्दुभिः। नारका अप्यमोदन्त भूरप्युच्छ्वासमासदत्॥"

३ "दिक्कुमार्योऽष्टाधोलोकवासिन्यः कम्पितासनाः।
अर्हज्जन्माऽवधेर्ज्ञात्वाऽभ्येयुस्तत्सूतिवेश्मनि॥३
भोगंकरा भोगवती सुभोगा भोगमालिनी।
सुमित्रा वत्समित्रा च पुष्पमाला त्वनिन्दिता॥४
नत्वा संवर्तेनाऽशोधयन् क्ष्मामायोजनमितो गृहात्॥५
मेघंकरा मेघवती सुमेघा मेघमालिनी।
तोयधारा विचित्रा च वारिषेणा बलाहका:॥६॥
अष्टोर्ध्वलोकादेत्यैतास्तत्र गन्धाम्बु-पुष्पौघवर्षं
हर्षाद् वितेनिरे॥७
अथ नन्दोत्तरानन्दे आनन्दा नन्दिवर्धिनी।
विजया वैजयन्ती च जयन्ती चापराजिता॥८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एताः पूर्वरुचकादेत्य विलोकनार्थं दर्पणमग्रे धरन्ति ।
एताश्च सामानिकानां प्रत्येकं चत्वारिंशच्छतैर्युताः ।
महत्तराभिः प्रत्येकं तथा चतसृभिर्युताः ॥
अङ्गरक्षैः षोडशभिः सहस्रैः सप्तभिस्तथा ।
कटकैस्तदधीशैश्च सुरैश्चान्यैर्महर्द्धिभिः ॥२०॥

## श्री મહાવીર ભગવાનના અતિશયો

४. खे धर्मचक्रं चमराः सपादपीठं मृगेन्द्रासनमुज्वलं च ।
छत्रत्रयं रत्नमयध्वजोंह्रिन्यासे च चामिकरपङ्कजानि ॥''

अभिधानचिन्तामणि कांड १ श्लो० ६१

## ललितविस्तर

१. ''किं कारणं हि भिक्षवः ! बोधिसत्त्वः कुलविलोकितं विलोकयति स्म ? न बोधिसत्त्वा हीनकुलेषु उपपद्यन्ते चण्डालकुलेषु वा वेणुकारकुलेषु वा रथकारकुलेषु वा पुक्कसकुलेषु वा । अथ तर्हि कुलद्वये एव उपपद्यन्ते—ब्राह्मणकुले, क्षत्रियकुले च । तत्र यदा ब्राह्मणगुरुको लोको भवति तदा ब्राह्मणकुलेषु उप०, यदा क्षत्रियगुरुको लोको भवति तदा क्षत्रियकुले उपपद्यन्ते ॥'' पृ० २१

२ ''यदा बोधिसत्त्वश्चरमभविको जायते यदा च अनुत्तरां सम्यक्-संबोधिमभिसंबुध्यते तदा अस्य इमानि एवंरूपाणि ऋद्धिप्रातिहार्याणि भवन्ति-

''तस्मिन् खलु पुनर्भिक्षवः ! समये संहर्षितरोमकूपजाताः सर्वसत्त्वा अभूवन् । महतश्च पृथिवीचालस्य लोके प्रादुर्भावोऽभूत् भैरवस्य रोमहर्षणस्य । अघट्टितानि च दिव्यमानुष्यकाणि तूर्याणि संप्रवादितानि सर्वर्तुकालिकाश्च वृक्षास्तस्मिन् × संकुसुमिताः फलिताश्च । विशुद्धाच्च गगनतलात् मेघशब्दः श्रूयते स्म । अपगतमेघाच्च गगनाच्छनैः सूक्ष्मसूक्ष्मो देवः प्रवर्षति स्म । नानादिव्यकुसुमवस्त्रआभरण-गन्ध-चूर्ण-व्यामिश्राः परमसुखसंस्पर्शाश्च सौम्याः सुगन्धवाताः प्रवायन्ति स्म । व्यपगततमोरजो-धूमनिहाराश्च सर्वा दिश सुप्रसन्ना विराजन्ते स्म । उपरिष्टाच्चान्तरिक्षाद् अदृश्या गम्भीरा महाब्रह्मघोषा श्रूयन्ते स्म । सर्वेन्द्र-सूर्य-शक्र-ब्रह्म-लोकपालप्रभाश्चाभिभूता अभवन् । ×××× सर्वा अकुशलक्रियाः प्रतिविरताः । व्याधितानां सत्त्वानां व्याधयः उपशान्ताः । क्षुत्पिपासार्तानां स० क्षुत्पिपासा प्रस्रब्धा अभूवन् । मद्यमदमत्तानां च स० मदापगमः संवृत्तः उन्मत्तैश्च स्मृतिः प्रतिलब्धा । चक्षुर्विकलैश्च स० चक्षुः प्रतिलब्धम् । श्रोतोविकलैश्च स. श्रोतः । मुखप्रत्यङ्ग-विकलेन्द्रियाश्च

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अविकलेन्द्रियाः संवृत्ताः । दरिद्रैश्च धनानि प्रतिलब्धानि । बन्धनबद्धाश्च बन्धनेभ्यः विमुक्ताः । आवीचिमादि कृत्वा सर्वनैरयिकाणां सत्त्वानां सर्वकारणाद् दुःखं तस्मिन् समये प्रस्रस्तम् । तिर्यग्योनिगतानामन्योऽन्यं भक्षणादिदुःखम्, यमलोकिकानां स० क्षुत्पिपासादिदुःखं व्युपशान्तमभूत् । पृ० ९८

"यथा च ज्वलनः शान्तः सर्वा नद्यः स्ववस्थिताः ।
सूक्ष्मं च कम्पते भूमिः भविता तत्त्वदर्शकः ॥"

पृ० ११२

३ "इति हे भिक्षवः ! जाते बोधिसत्वे मातुः कुक्षिपार्श्वमक्षतमनुपहतमभवद् यथा पूर्वं तथा पश्चात् त्रिभविष्यदम्बुकूपाः प्रादुरभवन् । अपि च सुगन्धतैलपुष्करिण्यः पञ्च अप्सरःसहस्राणि दिव्यगन्धपरिवासिततैलपरिगृहीतानि बोधिसत्त्वमातरमुपसंक्रम्य सुजातजातताम्, अक्लान्तकायतां च परिपृच्छन्ति स्म । पञ्च च अप्सरः स० दिव्यानुलेपनपरिगृहीतानि बोधि० सुजात० प० । पञ्च अप्सरःसहस्राणि दिव्यदारकचीवरपरि० बो० सु० प० । पञ्च च अप्सरःस० दारकाऽऽभरणपरि० बो० सु० प० । पञ्च च अप्सरः स० दिव्यतूर्यसंगीतिसंप्रभणितेन बा० सु० प० । यावन्तश्च इह जम्बूद्वीपे बाह्या पञ्चाऽभिज्ञा ऋषयस्ते सर्वे गगनतलेन आगत्य राज्ञः शुद्धोदनस्य पुरतः स्थित्वा जयवृद्धिमनुश्रावयन्ति स्म । पृ० ११०

"अथ तस्मिन् समये षष्टिअप्सरःशतसहस्राणि कामावचरदेवेभ्य उपसंक्रम्य मायादेव्या उपस्थाने परिचर्यां कुर्वन्ति स्म ।" पृ० ९५

## श्री બુદ્ધભગવાનના અતિશયો

४ तस्य प्रक्रामत उपरि अन्तरीक्षे अपरिगृहीतं दिव्यश्वेतं विपुलं छत्रम् चामरशुभे गच्छन्तमनुगन्छन्ति स्म । यत्र यत्र बोधिसत्त्वः पदमुत्क्षिपति स्म तत्र पद्मानि प्रादुर्भवान्ति स्म ॥ पृ० ९६

– સુઘોષા

●

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org